## રાજ્યમાં સિંહ સંરક્ષણ માટે મળેલ સહાય

***15/4/1019 શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ** (સાબરમતી) **: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે **કેઃ-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિંહોના સંરક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે નાણાકીય સહાય માંગવામાં આવેલ છે કે કેમ, | (૧) | હા જી, |
| (૨) | જો હા તો, ક્યારે અને કઇ બાબતો માટે સહાય માગવામાં આવી હતી, અને | (૨) | તા.૧૧-૦૭-૨૦૨૨ તથા તા.૧૬-૦૫-૨૦૨૩ના રોજ લાયન પ્રોજેક્ટ અંતર્ગત જન જાગૃતિના કાર્યક્રમો, હિસ્સેદાર તરીકે સમુદાયો "સિંહ મિત્ર યોજના", આવાસ અને વસ્તી વ્યવસ્થાપન, માનવ વન્યજીવ સંઘર્ષ વ્યવસ્થાપન, વાઈલ્ડલાઇફ ક્રોસીંગ માટે સાઇટની ઓળખ (NHRI તથા R&B દ્વારા), માહિતી, શિક્ષણ અને સંચાર, માનવ- વન્યજીવ સંઘર્ષનું શમન, ભાવિ આરોગ્ય/રોગચાળા સંબંધિત આકસ્મીત માટેની તૈયારી, સંશોધન અને શિક્ષણ, મોનીટરીંગ અને મુલ્યાંકન, આરોગ્ય વ્યવસ્થાપનમાં પ્રગતિ, નેશનલ વાઈલ્ડલાઇફ ડીસીઝ ડાયગ્નોસ્ટીક સેન્ટરની સ્થાપના, MoEF & CC ખાતે લાયન સેલ, સિંહ આરોગ્ય વ્યવસ્થાપન, ગીર અને બરડાના માલધારીઓનું પુનર્વસન, સર્વેલન્સ અને મોનીટરીંગ, મુસાફરી તથા સિંહોના સંભવિત રહેઠાણ અને સિંહ સ્થળાંતર વિસ્તારોનો વિકાસ માટે સહાય માંગવામાં આવી હતી. |
| (૩) | ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી કેટલી સહાય મળેલ છે? | (૩) | તા.૧૩-૦૧-૨૦૨૩ના રોજ રૂ. ૨૦૦.૦૧ લાખની સહાય મળેલ છે. |

----------------------------